# પ્રકરણ – 3

# પૂર્વે થયેલાં સંશોધનનોની સમીક્ષા


3.1 પ્રસ્તાવના

3.2 પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

3.2.1 ભારતમાં થયેલાં સંશોધનો

3.2.2 વિદેશમાં થયેલાં સંશોધનો

3.3 પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતાઓ

# પ્રકરણ –3
# પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

## 3.1 પ્રસ્તાવના

કોઈપણ સંશોધન કાર્ય ઉપાડતાં પહેલાં સંશોધનના આયોજનની આગવી સૂઝ પ્રાપ્ત કરવા માટે પૂર્વે થયેલાં સંશોધનોનો અભ્યાસ જરૂરી બને છે. આ સંદર્ભે દેસાઇ અને દેસાઇ (1997) જણાવે છે કે,

**"કોઈપણ સંશોધન શૂન્યાવકાશમાં થતું નથી. બીજાની સંકલ્પનાઓ, વિચારણાઓ અને સિદ્ધાંતો આપણા પથદર્શક બને છે."**[1]

પૂર્વે થયેલાં સંશોધનો સંશોધનને નવીન કાર્યક્ષેત્ર અને નૂતન અભિગમ પ્રતિ અભિમુખ કરે છે. પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા કરવાથી જે તે ક્ષેત્રમાં પૂર્વે થયેલાં પ્રયત્નોના આધારે સંશોધક સામાન્ય માહિતી તારવી પોતે હાથ ધરેલા સંશોધનની પૂર્વ તૈયારી કરી શકે છે. પૂર્વે થયેલાં સંશોધનોનો સારાંશ સંશોધકને નવી સંશોધન દષ્ટિ આપે છે. સાથે-સાથે સંશોધકને માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાના ઉપકરણો અને સંશોધન પ્રવિધિઓની જાણકારી મળે છે. સંશોધન દરમિયાન પડતી મુશ્કેલીઓનો ખ્યાલ આવે છે અને સંશોધન યોજનાની વૈજ્ઞાનિક સમજ કેળવાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા કરવાના ઉપક્રમને ભારતમાં થયેલાં સંશોધનો અને વિદેશમાં થયેલાં સંશોધનો એમ બે વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

## 3.2 પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

સંશોધકે પૂર્વે નિર્દેશ કર્યો છે તે અનુસાર હવે પછીના પરિચ્છેદોમાં પ્રારંભિક ભારતમાં થયેલાં સંશોધનો અને પછી વિદેશમાં થયેલાં સંશોધનોની મિતાક્ષરી નોંધીને તેની સમીક્ષા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

### 3.2.1 ભારતમાં થયેલાં સંશોધનો

(1) **Vora (1973)**[2] એ **'ગુજરાત રાજયની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો આલોચનાત્મક અભ્યાસ Critical Study of the Present Position of Teaching English in Secondary School of Gujarat State'** વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયને અસર કરતાં પરિબળો જેવા કે પાઠ્યક્રમ, પરીક્ષા, શિક્ષણ પદ્ધતિ અને શૈક્ષણિક ઉપકરણોનો અભ્યાસ કરવો.

(2) અંગ્રેજી વિષયને અસરકારક બનાવવા માટે વિવિધ ઉપયોગી સૂચનો અને કાર્યક્રમ અંગે અભિપ્રાયો મેળવવા.

પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાંથી યાદૃચ્છિક નમૂના પસંદગી પદ્ધતિથી 100 શાળાઓ પસંદ કરાઇ હતી. માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિ અને મુલાકાતનું આયોજન કરાયું હતું.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) ભાષાકીય કૌશલ્યના વિકાસ માટે માધ્યમિક કક્ષાનો પાઠ્યક્રમ સંતોષકારક જણાયો ન હતો.

(2) પાઠ્યપુસ્તકની સંરચનામાં મનોવૈજ્ઞાનિક આધાર જણાયો ન હતો.

(3) ગ્રામ કક્ષાએ અંગ્રેજી વિષયનું અધ્યાપન કાર્ય નબળું જણાયું હતું.

(4) 41 ટકા શિક્ષકો સ્વાધ્યાય પુસ્તિકાનો જ ઉપયોગ કરતા જણાયા હતાં.

**(2) Rajgopalan (1975)[3]** એ **'A Study of the Curricucm of English Subject in the Primary and Secondary Education of Madras State'** વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) પ્રવર્તમાન અંગ્રેજીના પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ, મૂલ્યાંકન સંદર્ભમાં વિવિધ જરૂરિયાત તપાસવી.

(2) અંગ્રેજી વિષયના અધ્યયન કાર્ય દરમિયાન જોવા મળતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(3) તમિલનાડુમાં અંગ્રેજી શિક્ષણના હેતુઓના સંદર્ભમાં અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવી.

અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસ માટે નમૂના તરીકે 100 માધ્યમિક શાળાઓ અને 104 પ્રાથમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો. અભ્યાસ માટે અધ્યેતાએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નોત્તરીનાં ત્રણ જૂથો ઉપરાંત પ્રત્યક્ષ મુલાકાતો અને દસ્તાવેજી પુરાવાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) મોટા ભાગનાં શિક્ષકો, નિરીક્ષકો અને વાલીઓ અંગ્રેજી વિષયને શાળામાં ફરજિયાત વિષય તરીકે દાખલ કરવાની તરફેણમાં જોવા મળ્યા હતા.

(2) ભાષાંતર પદ્ધતિમાં ખામી અને શિક્ષક પક્ષે વિશેષ જ્ઞાનનો અભાવ જોવા મળ્યો હતો.

(3) માત્ર 29.3 ટકા શિક્ષકો જ તાલીમ પામેલા હતા.

**(3) Ghosh (1977)[4]** એ **'Study of Backwardness in English in the Secondary Schools of West Benqal'** શીર્ષક હેઠળ કલ્યાણી યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓની સિદ્ધિનો અભ્યાસ કરવો.

(2) વિદ્યાર્થીઓની આ વિષય પ્રત્યે રુચિનો અભ્યાસ કરવો.

સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરેલાં પ્રસ્તુત સંશોધનમાં અધ્યેતાએ માહિતી એકત્રીકરણ માટે નિદાન કસોટીની સંરચના કરી હતી. નમૂના તરીકે માધ્યમિક શાળાઓના 900 વિદ્યાર્થીઓને સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) 34 ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં પછાત જોવા મળ્યા હતા.

(2) અંગ્રેજી વ્યાકરણ સંદર્ભમાં વિદ્યાર્થીઓ વધુ મૂંઝવણ અનુભવતા હતા.

**(4) Valia (1981)[5]** એ **'An Evaluative Study of English at the Secondary Level in Rajasthan'** વિષય પર રાજસ્થાનના વિશ્વવિદ્યાલયમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) માધ્યમિક સ્તરે અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો, અનુભવો અંગેની માહિતી મેળવવી.

(2) માધ્યમિક સ્તરે અંગ્રેજી વિષય શિક્ષણના હેતુઓ અને અભ્યસાક્રમ સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવી.

(3) માધ્યમિક શિક્ષણ તબક્કે વિદ્યાલયોમાં પ્રયોજિત અધ્યયન-અધ્યાપનની પદ્ધતિઓ, અધ્યયન-અધ્યાપનનાં ઉપકરણોની ઉપયોગિતા વિષયક જાણકારી મેળવવી.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્ર કરવા અર્થે પ્રશ્નાવલિ તથા સાક્ષ્યપત્રકની સંરચના કરી હતી. નમૂના તરીકે સંશોધકે રાજસ્થાનના જયપુર જિલ્લાના કુલ 25 વિદ્યાલયો યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતથી પસંદ કર્યા હતા. 25 વિદ્યાલયોના કુલ 114 શિક્ષકો તથા 154 વિદ્યાર્થીઓની પસંદગી પણ યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતથી કરી હતી.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) 98 ટકા વિદ્યાર્થીઓએ શિક્ષકો દ્વારા અપાતા સ્વાધ્યાય કાર્ય સંદર્ભમાં સંતોષ વ્યકત કર્યો હતો.

(2) વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વધુ પડતી સંખ્યા અધ્યાપન કાર્યમાં અવરોધકરૂપે જોવા મળી હતી.

(3) વ્યાકરણ, વાક્ય રચના સમજવા સંદર્ભમાં વિદ્યાર્થીઓ વિશેષ મુશ્કેલીઓ અનુભવતા જોવા મળ્યા હતા.

(4) માધ્યમિક શિક્ષણ કક્ષાએ શિક્ષકો અધ્યયન-અધ્યાપનનાં ઉપકરણોનો વિશેષ ઉપયોગ કરતા હતાં.

**(5) Bhattacharyaji (1984)[6]** એ **'An Investigation into the Teaching of English in the Highschool of East Khasi Hills District of Meghalaya'** વિષય પર પીએચ.ડી. કક્ષાએ નહેરૂ યુનિવર્સિટીમાં અભ્યાસ હાથ ધર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષય શિક્ષણના હેતુઓ અને અભ્યાસક્રમ સાથે સંકળાયેલ પૂર્વ ખાસી હિલ્સ હાઇસ્કૂલના શિક્ષકોનો બાહ્ય પરિચય, લાક્ષણિકતા તથા તેમના મંતવ્યો અને ધારણાના આધારે માહિતી પ્રાપ્ત કરવી.

(2) પ્રવર્તમાન પરિસ્થિતિમાં વર્ગખંડમાં પ્રયોજિત અધ્યયન પ્રક્રિયાનું મૂલ્યાંકન તેમના દેખાવને આધારે કરવું.

(3) અધ્યાપન કરાવતા અંગ્રેજી વિષયના શિક્ષકોની શક્તિઓ અને નબળાઇઓનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત સંશોધનમાં 490 વિદ્યાર્થીઓ અને 120 અંગ્રેજી વિષયના શિક્ષકો એમ કુલ 610 ઉત્તરદાતાઓની યાદ્ચ્છિક નમૂના પદ્ધતિથી પસંદગી કરવામાં આવી હતી. માહિતી એકત્ર કરવા અર્થે સંશોધકે પ્રશ્નાવલિ તથા ક્રમ માપદંડની રચના કરી હતી. 120 શિક્ષકો પૈકી 20 શિક્ષકોની યાદ્ચ્છિક રીતે રૂબરૂ મુલાકાત અર્થે પસંદગી હાથ ધરી હતી. માહિતીના પૃથક્કરણ અર્થે ટકાવારી, સરાસરી અને પ્રમાણ વિચલનનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત અધ્યેતાએ ઉત્કલ્પનાઓને ચકાસવા અર્થે ‘t’ ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) શીખવનારનો અતિ આધુનિક અભિગમ જોવા મળ્યો હતો તથા શિક્ષકોની હાથપોથી વિશેષ ફળદાયી બની શકી હતી.

(2) વિવિધ સ્તરોના આધારે કાર્યભારમાં સામ્યતા જોવા મળી હતી.

(3) અનુભવ અને વ્યાવસાયિક તાલીમ અંગ્રેજી શિક્ષણમાં મહત્ત્વના ફાળા વિષયક ફળદાયી બની શકી હતી.

(4) અંગ્રેજી વિષય શિક્ષણ આપતા શિક્ષકોની સેવાકાલીન તાલીમનો સમય અપૂરતો જોવા મળ્યો હતો.

**(6) Patil (1985)[7]** એ **‘The English Language Achievement of Shivaji University’** વિષય પર પીએચ.ડી. કક્ષાએ શિવાજી યુનિવર્સિટીમાં અભ્યાસ હાથ ધર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) વિવેચન દ્વારા વિનયન વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ફરજિયાત અંગ્રેજી, અભ્યાસક્રમનું માળખું તથા પરીક્ષા સંદર્ભે યોગ્ય માહિતી પ્રાપ્ત કરવી.

(2) શિવાજી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાધન સામગ્રી સાથેની યોગ્યતાની ગોઠવણી કરવી.

(3) શિવાજી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા સ્નાતકોનું અંગ્રેજી ભાષા વિષયક મૂલ્યાંકન કરવું.

પ્રસ્તુત સંશોધનમાં શિવાજી યુનિવર્સિટીના સ્નાતકના વિદ્યાર્થીઓ પર 4 મોડેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં રૂઢિગત પ્રતિમાન, માળખાંગત પ્રતિમાન, પરિવર્તિત સર્જનાત્મક પ્રતિમાન, પ્રત્યાયન ક્ષમતા પ્રતિમાનનો ઉપયોગ કર્યો હતો. ઇ.સ. 1981 માં લેવાયેલ બી.એ. ની પરીક્ષામાં પાસ થયેલ શિવાજી યુનિવર્સિટીના 1098 વિદ્યાર્થીઓ પર સર્વેક્ષણાત્મક અભ્યાસ હાથ ધર્યો હતો. અધ્યેતાએ જાતીયતા, ગ્રામ શહેરી વિસ્તાર, માતૃભાષા જેવા ચલોનો પણ ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) શિવાજી યુનિવર્સિટીના પચાસ ટકા વિદ્યાર્થીઓ-સ્નાતકો મહદ્અંશે ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા.

(2) સર્વ સ્નાતક વિદ્યાર્થીઓ પૈકી પચાસ ટકા વિદ્યાર્થીઓ 2800 જેટલા શબ્દોની જાણકારી ધરાવતા હતા.

(3) ગ્રામ ક્ષેત્રના વિદ્યાર્થીઓ કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર વિશેષ પ્રભુત્વ ધરાવતા હતા.

**(7) Sharma (1986)**[8] એ **'A Study of the Problems of Teaching English in Bihar'** વિષય પર પીએચ.ડી. કક્ષાએ ભાગલપુર વિશ્વવિદ્યાલયમાં સંશોધન હાથ ધર્યું હતું.

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ બિહારના વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં અંગ્રેજી વિષયની અધ્યયન–અધ્યાપનના સંદર્ભમાં ઉપસ્થિત થતી સમસ્યાઓની જાણકારી મેળવવાનો હતો.

અધ્યેતાએ વિવિધ સ્રોતો દ્વારા સમગ્ર બિહારમાંથી માહિતી એકત્ર કરી હતી. વિદ્યાલયો અને મહાવિદ્યાલયોના આચાર્યો, અંગ્રેજી વિષયના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તૈયાર પ્રશ્નાવલિ દ્વારા અધ્યેતાએ માહિતી એકત્ર કરી હતી. બિહારનાં વિવિધ વિદ્યાલયો અને મહાવિદ્યાલયોની અધ્યેતાએ રૂબરૂ મુલાકાતો લીધી હતી અને સાક્ષ્યપત્ર દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. આવશ્યકતાનુસાર વિગતે ચર્ચા પણ હાથ ધરવામાં આવી હતી.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજી વિષય શિક્ષણ આપતા શિક્ષકોની સેવાકાલીન તાલીમનો સમય અપૂરતો જોવા મળ્યો હતો.

(2) અંગ્રેજી વિષય શિક્ષણ આપતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો અપૂરતી જોવા મળી હતી, પરિણામે અધ્યાપન કાર્યમાં તેઓ પૂર્ણતઃ સફળ બની શક્યા ન હતા.

(3) મોટા ભાગના શિક્ષકો રૂઢિગત અધ્યાપન પદ્ધતિનો મહત્તમ ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

(4) તાલીમી વિદ્યાલયોમાં સૈદ્ધાંતિક બાબતોને સર્વોચ્ચ સ્થાન અપાતું હતું.

(5) વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાના શબ્દોના ઉચ્ચારણ અને વિષયવસ્તુની સમજણ સંદર્ભમાં વિશેષ મુશ્કેલીઓ અનુભવતા હતા.

**(8) Shastri (1989)[9]** એ **'A Study of the Existing Position of Teaching of Sanskrit Language' SIET Udaipur** દ્વારા સ્વતંત્ર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન સંદર્ભમાં ઉપસ્થિત થતી સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરાયો હતો. આ ઉપરાંત રાજસ્થાનના ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધરવાનો પણ ઉપક્રમ રાખ્યો હતો.

(2) પ્રસ્તુત અભ્યાસ અર્થે ગ્રામ અને શહેરી વિસ્તારોમાં કાર્યરત સંસ્કૃત વિષય શિક્ષણ આપતા 200 શિક્ષકોને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. આ શિક્ષકો ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયોમાં અધ્યાપનકાર્ય કરનારા હતા.

અધ્યેતાએ સ્તરીકૃત યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતથી નમૂનાની પસંદગી હાથ ધરી હતી. સંબંધિત માહિતી એકત્ર કરવા અર્થે અધ્યેતાએ પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્રનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) મોટા ભાગના સંસ્કૃત ભાષાના શિક્ષકો પૂર્વસ્નાતક કક્ષાના જોવા મળ્યા હતા.

(2) ત્રીસ ટકા સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકો એવા હતા કે જેઓને સંસ્કૃત વિષય શીખવવા માટે કહેવામાં આવ્યું હતું. અલબત્ત, તેઓ સંસ્કૃત વિષયના સંદર્ભમાં શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હતા.

(3) સીત્તેર ટકા પુરૂષ શિક્ષકો અને પચાસ ટકા મહિલા શિક્ષિકાઓ સંસ્કૃત વિષય શિક્ષણમાં ભાષાંતર પદ્ધતિથી અધ્યાપન કાર્ય કરાવતા હતા, જ્યારે કેવળ સોળ ટકા શિક્ષકો સંસ્કૃત વિષયના વ્યાકરણના અધ્યાપન અંગે મહાવરાને વિશેષ અગત્ય આપતા હતા.

(4) કેવળ વીસ ટકા શિક્ષકો વર્ગખંડમાં અધ્યાપનમાં સાધન સામગ્રીનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

**(9)** **શાહ (1991)[10]** એ **'સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર દક્ષિણ ગુજરાત યુનિવિર્સિટીમાં એમ.એડ્. ની પદવીના એક ભાગરૂપે સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસની માહિતી એકત્ર કરવા માટે સુરતની લગભગ બધી શાળાઓનો સર્વે કરી તેમના વિશેની માહિતી પ્રાપ્ત કરી ત્યાર બાદ અધ્યેતાએ જુદા જુદા વિસ્તાર પ્રમાણે 10 માધ્યમિક શાળાઓના 50 છોકરાઓ અને 50 છોકરીઓ એમ કુલ 100 વિદ્યાર્થીઓને નિદાન કસોટી આપી હતી.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી શીખવતા શિક્ષકો તેમજ શીખનાર વિદ્યાર્થીઓ દ્વારા થતી સામાન્ય ભૂલોને ઓળખવાનો હતો.

(2) અંગ્રેજી ભાષાની જોડણીનો અભ્યાસ કરવાનો હતો.

(3) અંગ્રેજી વિષયના લખાણમાં સુયોગ્ય મરોડદાર અક્ષરોનો અભ્યાસ કરવાનો હતો.

(4) અંગ્રેજી ભાષાના વિશેષ વાચન તરફની અભિરુચિ તપાસવાનો હતો.

(5) અંગ્રેજી લખાણ કરતી વખતે ફકરા કે અન્ય લખાણના વિરામ ચિહ્નોનો અભ્યાસ હાથ ધરવો.

(6) સાચી જોડણી માટે વૈવિધ્યસભર શબ્દોનો ઉપયોગ કરવાનો હતો.

(7) અંગ્રેજીના લેખનમાં થતી અભિવ્યક્તિ જોવાનો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) શુદ્ધ વાચનમાં વિદ્યાર્થીઓ સરેરાશ આંક કરતાં વધુ ભૂલો કરતા જણાયા હતા.

(2) સાચા વિરામસ્થાનમાં સરેરાશ આંક કરતાં ઓછા વિદ્યાર્થીઓ ભૂલો કરતા હતા.

(3) શુદ્ધ ઉચ્ચારણમાં ઘણા ખરા વિદ્યાર્થીઓ શબ્દોના યોગ્ય ઉચ્ચાર પણ કરી શકતા ન હતા.

**(10) મોદી (1995)**[11] એ **'ભરૂચ જિલ્લાની માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગરૂપે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં એક લઘુસંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિ અંગે અંગ્રેજીનું અધ્યાપન કરતાં શિક્ષકોની નીચેની બાબતો સંબંધી અભિપ્રાયો જાણવા.

- શિક્ષણ પદ્ધતિઓ
- શૈક્ષણિક સાધનો
- અંગ્રેજી વ્યાકરણ
- પાઠ્યપુસ્તક
- અંગ્રેજી વિષયનાં પરિણામો

આ સંશોધન માટે અધ્યેતાએ સર્વેક્ષણ પદ્ધતિના ઉપયોગ દ્વારા ભરૂચ જિલ્લાની 32 શાળાઓને નમૂના તરીકે પસંદ કરી સંશોધન કાર્ય કર્યું હતું. તેમણે શહેરી વિસ્તારની 14 અને ગ્રામ વિસ્તારની 18 શાળાઓમાંથી 120 શિક્ષકોને ઉત્તરદાતા તરીકે પસંદ કર્યા હતા. માહિતી એકત્રીકરણ માટે અધ્યેતાએ અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષકો મહત્તમ પ્રમાણમાં માતૃભાષાનો આશરો લેતા હતા.

(2) અંગ્રેજી વિષયના તાસમાં વ્યાકરણ અલ્પ પ્રમાણમાં શીખવવામાં આવતું હતું.

(3) માધ્યમિક સ્તરે અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષકો શૈક્ષણિક સાધનોનો ઉપયોગ ખૂબ ઓછો કરતા હતા.

(4) અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ જીવન વ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેવો જણાયો હતો.

**(11) ભડિયાદરા (1996)[12]** એ **'વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યયનમાં નડતી સમસ્યાઓનો અભ્યાસ'** વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યયનમાં નડતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

(2) અંગ્રેજી વિષયમાં નડતી સમસ્યાઓના ઉકેલ સૂચવવા, જેમાં સમસ્યાઓને વિવિધ વિભાગોમાં નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવી હતી.

- શિક્ષણ સંબંધી
- શિક્ષણ પદ્ધતિ સંબંધી
- ઉપકરણોના ઉપયોગ સંબંધી
- અભ્યાસક્રમ સંબંધી

અધ્યેતાએ નમૂના તરીકે વાલોડ તાલુકાની ત્રણ માધ્યમિક શાળાઓના ધોરણ-9 ના 240 વિદ્યાર્થીઓને સમાવિષ્ટ કર્યા હતા. સર્વેક્ષણ પદ્ધતિથી થયેલા પ્રસ્તુત અભ્યસામાં માહિતી એકત્રીકરણ માટે અધ્યેતાએ અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષય પ્રત્યે વિશેષ રુચિ ન હતી.

(2) વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું પૂર્વજ્ઞાન નબળું જણાયું હતું.

(3) અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ વધુ લાંબો અને વયકક્ષા અનુસાર કઠિન હતો.

(4) અંગ્રેજી વિષય શીખવવા માટે જુદા જુદા શૈક્ષણિક સાધનોની અછત વર્તાતી હતી.

**(12) ઠાકોર (1996)[13]** એ **'દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો એક અભ્યાસ'** વિષય પર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાંથી એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે લઘુશોધ નિબંધ રજૂ કર્યો હતો.

અધ્યેતાએ યાદૃચ્છિક નમૂના પસંદગીની રીત અપનાવી હતી. સમગ્ર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલ 171 ગુજરાતી વિષયના પ્રાધ્યાપકોમાંથી 81 પ્રાધ્યાપકોને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા. માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત અભિપ્રાયાવલિની સંરચના કરી હતી. માહિતીના પૃથક્કરણ માટે અસંમત અને સંમતના ટકા, પરિણામ અને દિશાસૂચક આંક તથા કાઈવર્ગ મૂલ્ય પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તકોની પસંદગી બાબતમાં જાણકારી મેળવવી.

(2) સાહિત્ય સર્જન માટેના પ્રેરક વાતાવરણ અંગેના પરિબળો વિશે જાણકારી મેળવવી.

(3) સ્નાતક-અનુસ્નાતક સ્તરે ગુજરાતી વિષયના મૂલ્યાંકન અને પરિણામ સંદર્ભમાં માહિતી એકત્ર કરવી.

(4) સ્નાતક-અનુસ્નાતક સ્તરે ગુજરાતી વિષય અંગે સંદર્ભ સાહિત્ય અને તેનો ઉપયોગ બાબતની પરિસ્થિતિની માહિતી મેળવવી.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) પાઠ્યપુસ્તકોની રચના વખતે વિદ્યાર્થીઓના માનસિક સ્તરને ધ્યાનમાં લેવાતું હતું.

(2) સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ સાહિત્ય સર્જનને પ્રેરિત કરતી કાર્યશિબિરોનું આયોજન થતું જોવા મળ્યું હતું.

(3) સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ મૂલ્યાંકન પદ્ધતિમાં પરિવર્તનની આવશ્યકતા જણાઇ હતી.

(4) સંદર્ભ સાહિત્યના ઉપયોગથી વિદ્યાર્થીઓનું જ્ઞાન ઊંડાણલક્ષી બની શક્યું હતું.

**(13) Mehta (1998)[14]** એ **'An Exploratory Study of Gujarati Language Teaching in Upper Primary Schools of Baroda City'** ના વિષય પર એમ.એડ્. યુનિવર્સિટીમાં પીએચ.ડી. ની પદવી માટે સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) શિક્ષકોના ગુજરાતી ભાષા શિક્ષણના હેતુઓનો અભ્યાસ કરવો.

(2) ગુજરાતી ભાષા શીખવવાની વિવિધ પદ્ધતિઓ અને દશ્ય-શ્રાવ્ય સાધનોના સંદર્ભમાં શીખવવાની પદ્ધતિનો અભ્યાસ કરવો.

(3) શિક્ષકોને ગુજરાતી ભાષાના અધ્યાપન કાર્ય વખતે પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

(4) ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિનો અભ્યાસ કરવો.

(5) ગુજરાતી ભાષામાં લખતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા થતી સામાન્ય ભૂલોનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અભિપ્રાયાવલિ, પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નમૂના તરીકે 138 જુદા-જુદા માધ્યમવાળી પ્રાથમિક શાળાઓમાં 1 થી 7 ધોરણમાં અધ્યાપન કાર્ય કરતા 1625 શિક્ષકોમાંથી 550 ઉત્તર પ્રાથમિક શાળાના શિક્ષકો પસંદ કર્યા હતાં અને ધોરણ 5,6,7 ના 1218 વિદ્યાર્થીઓ ઝૂમખા નમૂના પસંદગી દ્વારા પસંદ કર્યા હતા.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) 95.05 % શિક્ષકોની બોલવાની ખામી અધ્યાપન કાર્ય પર અસર કરતી ન હતી.

(2) ધોરણ 5,6,7 ના મોટાભાગના શિક્ષકો વિદ્યાર્થીઓમાં રસ જાળવી શકતા ન હતા.

(3) મોટાભાગના શિક્ષકો પૂર્વજ્ઞાન સંબંધિત પ્રશ્નો પૂછીને ચર્ચા કરી શકતા હતા.

(4) ધોરણ-5 ના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં જાતિ અને જ્ઞાતિ પ્રમાણે મહદ્અંશે જુદા પડતાં હતા.

**(14) પટેલ (1998)**[15] એ **'ભરૂચ જિલ્લાની શાળાઓમાં અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં એક લઘુ સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયના પૂર્વજ્ઞાનના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(2) અંગ્રેજી વિષયની શિક્ષણ પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(3) શાળામાં અંગ્રેજી ભાષાના પર્યાવરણ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો પ્રાપ્ત કરવા.

(4) અંગ્રેજી વિષયનાં પરિણામો અંગે શિક્ષકોના અભિપ્રાયોની માહિતી એકત્ર કરવી.

અધ્યેતાએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. અધ્યેતાએ આનુસંગિક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા ભરૂચ જિલ્લાની 121 માધ્યમિક શાળાઓમાંથી 41 શાળાઓની નમૂના તરીકે પસંદગી કરી હતી. 80 શિક્ષકોને અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓનો પાયો નબળો હતો.

(2) અંગ્રેજી વિષયમાં શિક્ષકો ઓછી શિક્ષણ પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોનો ઉપયોગ ઓછો કરતા જણાયા હતા.

(3) અંગ્રેજી વિષયનાં પરિણામો સુધારવા માટે શાળા પ્રયત્નશીલ હતી.

(4) અંગ્રેજી વિષયનાં પરિણામો સંતોષપ્રદ રહ્યાં ન હતાં.

**(15) ગજ્જર (2000)[16] એ 'વલસાડ અને નવસારી જિલ્લાઓની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગમાંથી એમ.એડ્. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયની શિક્ષણ પદ્ધતિઓ અને તેના ઉપયોગ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(2) અધ્યાપન દરમિયાન ઉપયોગમાં લેવાતાં ઉપકરણો વિશે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(3) અંગ્રેજી વ્યાકરણ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(4) શાળામાં અંગ્રેજી ભાષાના પર્યાવરણ વિશે શિક્ષકોના મંતવ્યો મેળવવા.

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ વલસાડ અને નવસારી જિલ્લાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના 95 શિક્ષકોને નમૂના તરીકે આવરી લીધા હતા. માહિતી એકત્રીકરણ માટે અધ્યેતાએ અભિપ્રાયાવલિ ઉપરાંત કેટલાક શિક્ષકોની મુલાકાત પણ લીધી હતી.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજી વિષયની અધ્યાપન પદ્ધતિમાં વૈવિધ્ય જોવા મળ્યું ન હતું.

(2) શાળામાં અધ્યયન-અધ્યાપન સંબંધી શૈક્ષણિક સાધનો જોવા મળ્યા ન હતા.

(3) વ્યાકરણના અધ્યાપન માટે અલગ પુસ્તકનો ઉપયોગ થતો હતો.

(4) વ્યાકરણ વધુ વિસ્તૃત અને ઊંડાણપૂર્વક જણાયું હતું.

(5) શિક્ષક વિદ્યાર્થી વચ્ચે વર્ગવ્યવહારમાં તેમજ બહાર અંગ્રેજી ભાષાનો વપરાશ નહિવત્ હતો.

**(16) શેખ (2000)[17] એ 'દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો એક અભ્યાસ'** એ વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં એમ.એડ્. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) હિન્દી વિષયના પાઠ્યપુસ્તકોની બાબતમાં જાણકારી મેળવવી.

(2) ઉચ્ચ શિક્ષણ કક્ષાએ હિન્દી વિષયની ગુણવત્તા સુધારવા માટેના ઉકેલો દર્શાવવા.

(3) સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષયની અધ્યાપન પદ્ધતિના સંદર્ભમાં માહિતી મેળવવી.

સર્વેક્ષણ પદ્ધતિથી થયેલાં પ્રસ્તુત સંશોધનમાં યાદૃચ્છિક નમૂના પસંદગી દ્વારા હિન્દી વિષયનું અધ્યાપન કાર્ય કરતા 75 અધ્યાપકોની પસંદગી કરી હતી. જેમાંથી 65 અધ્યાપકોએ સંપૂર્ણ ભરેલી અભિપ્રાયાવલિઓ પરત કરી હતી.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) વિદ્યાર્થીઓના માનસિક સ્તરને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકોની પસંદગી કરવામાં આવી હતી.

(2) હિન્દી વિષયની ગુણવત્તા સુધારવા માટે યુનિવર્સિટી કક્ષાએ કાર્યશિબિરો અને સેમિનારોનું આયોજન થતું હતું.

(3) સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ અધ્યાપકો મુખ્યત્વે કથન પદ્ધતિનો જ ઉપયોગ કરતા હતા.

**(17) સુખડીયા (2005)[18]** એ **'નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો એક અભ્યાસ'** વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયના શિક્ષણના સંદર્ભમાં શિક્ષણ પદ્ધતિ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(2) અંગ્રેજી વિષયના શિક્ષણના સંદર્ભમાં શૈક્ષણિક સાધનોના ઉપયોગ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસ માટે નમૂના તરીકે નવસારી જિલ્લાની 60 પ્રાથમિક શાળાઓમાંથી 190 શિક્ષકો અને 60 આચાર્યોનો સમાવેશ કર્યો હતો. સર્વેક્ષણ પદ્ધતિથી થયેલાં પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે અધ્યેતાએ અભિપ્રાયાવલિ અને પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજી શિક્ષણ કરાવતી વખતે અંગ્રેજી વાક્ય રચનાનું શબ્દશઃ ગુજરાતી ભાષાંતર કરવામાં આવે છે.

(2) શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ નહિવત્ થાય છે.

**(18) પટેલ (2007)**[19] એ **'મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ'** વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓનાં અંગ્રેજીના પૂર્વજ્ઞાન અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(2) મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણના અંગ્રેજી શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(3) મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણના અંગ્રેજી શિક્ષણમાં અપાતા સ્વાધ્યાય કાર્ય અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(4) મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણના અંગ્રેજી શિક્ષણમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ જાણવો.

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ મહુવા તાલુકાની 18 માધ્યમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો. જેમાં અંગ્રેજી શિક્ષણ કરાવતા 30 શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સર્વેક્ષણ પદ્ધતિથી થયેલાં પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે અધ્યેતાએ અભિપ્રાયાવલિ અને સાક્ષ્યપત્રનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજીનું શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ ઝડપથી લખી, વાંચી અને સ્પષ્ટ ઉચ્ચાર કરી શકતા હતા. એવું શિક્ષકો માને છે.

(2) અંગ્રેજીના શિક્ષણમાં વૈવિધ્ય સભર શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

(3) અંગ્રેજી શિક્ષણમાં સ્વાધ્યાય કાર્ય આવકારદાયક, એકમને સુસંગત તેમજ વૈવિધ્યસભર આપવામાં આવતું હતું.

(4) માધ્યમિક શિક્ષણ કરાવતા શિક્ષકો એવું માનતા હતા કે શાળામાં અંગ્રેજી વિષય શિક્ષણ સંબંધી શૈક્ષણિક સાધનો નથી.

**(19)** ટંડેલ **(2008)**[20] એ **'નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એક લઘુ સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) સંસ્કૃત ભાષાનાં પર્યાવરણ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો પ્રાપ્ત કરવા.

(2) સંસ્કૃત ભાષાના પૂર્વજ્ઞાનનાં સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(3) સંસ્કૃત વિષયનાં ભાષાંતર અંગે વિદ્યાર્થીઓનો અભિગમ જાણવો.

(4) સંસ્કૃત વિષયની કઠિનતા મૂલ્ય અંગે વિદ્યાર્થીઓના અભિગમ જાણવા.

(5) સંસ્કૃત વિષયની શિક્ષણ પદ્ધતિ અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

અધ્યેતાએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. અધ્યેતાએ યાદૃચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નવસારી જિલ્લાની 88 ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી 40 ઉચ્ચતર માધ્યમિક શાળાઓની નમૂના તરીકે પસંદગી કરી હતી. 40 શિક્ષકોને અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી અને નમૂનામાં પસંદગી પામેલ દરેક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી 15% પ્રમાણે યાદૃચ્છિક રીતે 340 વિદ્યાર્થીઓની પસંદગી કરી તેઓની પાસે પ્રશ્નાવલિ દ્વારા માહિતી પ્રાપ્ત કરી હતી.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના સંદર્ભમાં પ્રદર્શનો યોજાતા નથી.

(2) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગખંડમાં શિક્ષણ કાર્ય રસપ્રદ બને છે.

(3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને વ્યાકરણના જ્ઞાનમાં ભાષાંતર કરવું કઠિન લાગે છે.

(4) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયનું વ્યાકરણ શિક્ષણ સરળ લાગે છે.

(5) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં લઇ કરવામાં આવતું નથી.

**(20)** બગડા (2008)[21] એ **'સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ'** એ વિષય પર એમ.એડ્. ની પદવીના એક ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને સિદ્ધિ અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(2) સંસ્કૃત વિષયના વ્યાકરણ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(3) સંસ્કૃત વિષયમાં અપાતા સ્વાધ્યાય કાર્ય અંગે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(4) સંસ્કૃત વિષયના પરિણામો અને મૂલ્યાંકન સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

સર્વેક્ષણ પદ્ધતિથી થયેલા પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નમૂના તરીકે સુરત શહેરની કુલ 85 માધ્યમિક શાળાઓના 120 શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. 120 શિક્ષકો પાસે અભિપ્રાયાવલિ દ્વારા માહિતી એકત્ર કરી હતી. આ ઉપરાંત દશ વર્ષથી વધુ અને પાંચ વર્ષથી ઓછો અનુભવ ધરાવતા 10 શિક્ષકો પાસેથી સાક્ષ્યપત્રક દ્વારા માહિતી એકત્ર કરી હતી.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) સંસ્કૃત વિષય શિક્ષણથી વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વધે છે.

(2) સંસ્કૃત વ્યાકરણ માટે પ્રમાણમાં ઓછા તાસો ફળવાય છે.

(3) સંસ્કૃત વિષયનું સ્વાધ્યાય કાર્ય નિયમિત રીતે તપાસાય છે.

(4) અન્ય વિષયોની તુલનામાં વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષયમાં વિશેષ ગુણ આવે છે.

❋ **ભારતમાં થયેલાં સંશોધનોની સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણમાં ઉપરોક્ત પરિચ્છેદોમાં ઇ.સ. 1973 થી ઇ.સ. 2008 સુધીના સમયગાળા દરમિયાનના ભારતમાં થયેલાં કુલ 20 સંશોધનોના સારાંશો રજૂ કરવામાં આવ્યા છે. આ સંશોધનમાં એમ.એડ્. કક્ષાએ થયેલાં 11 અને પીએચ.ડી કક્ષાએ થયેલાં 9 સંશોધનોના સારાંશો રજૂ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત સંશોધનોમાં Vora (1973) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયને અસર કરતાં પરિબળો જાણવાનો તેમજ અંગ્રેજી વિષયને અસરકારક બનાવવાના ઉપયોગી સૂચનો-કાર્યક્રમ અંગે અભિપ્રાયો મેળવવાનો હતો. Rajgopalan (1975) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન જોવા મળતી સમસ્યાઓ જાણવાનો તથા અંગ્રેજી વિષયની પ્રર્વતમાન પરિસ્થિતિની સમીક્ષા કરવાનો હતો. Ghosh (1977) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓનો તથા અંગ્રેજી વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની રુચિનો અભ્યાસ કરવાનો હતો. Valia (1981) ના સંશોધનનો મુખ્ય હેતુ માધ્યમિક સ્તરે અંગ્રેજી વિષય શિક્ષણના હેતુઓ અને અભ્યાસક્રમ સંદર્ભમાં માહિતી મેળવવાનો હતો. Bhattacharyaji (1984) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષય શિક્ષણના હેતુઓ અને અભ્યાસક્રમ સાથે સંકળાયેલ પૂર્વ ખાસી હિલ્સ હાઇસ્કૂલના શિક્ષકોનો બાહ્ય પરિચય, લાક્ષણિકતા તથા તેમના મંતવ્યો તથા ધારણાના આધારે માહિતી પ્રાપ્ત કરવાનો હતો. Patil (1985) ના સંશોધનનો મુખ્ય હેતુ શિવાજી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા સ્નાતકોનું અંગ્રેજી ભાષા વિષયક મૂલ્યાંકન કરવાનો હતો. Sharma (1986) ના સંશોધનનો મુખ્ય હેતુ વિદ્યાલયો અને મહાવિદ્યાલયમાં અંગ્રેજી વિષયના અધ્યયન- અધ્યાપનના સંદર્ભમાં ઉપસ્થિત થતી સમસ્યાઓની જાણકારી મેળવવાનો હતો. Shastri (1989) ના સંશોધનનો મુખ્ય હેતુ સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન સંદર્ભમાં ઉપસ્થિત થતી સમસ્યાઓ હાથ ધરવાનો હતો. શાહ (1991) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી શીખવતા શિક્ષકો તેમજ શીખનાર વિદ્યાર્થીઓ દ્વારા થતી સામાન્ય ભૂલોને ઓળખવાનો હતો. મોદી (1995) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિ અંતર્ગત અંગ્રેજી વિષયની શિક્ષણ પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, અંગ્રેજી વ્યાકરણ,

પાઠયપુસ્તક, અંગ્રેજી વિષયનાં પરિણામો બાબતો સંબંધી અભિપ્રાયો જાણવાનો હતો. ભડિયાદરા (1996) ના સંશોધનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યયનમાં નડતી સમસ્યાઓનો અભ્યાસ કરવાનો હતો. ઠાકોર (1996) ના સંશોધનનો મુખ્ય હેતુ સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ અંતર્ગત પાઠયપુસ્તકોની પસંદગી, મૂલ્યાંકન અને પરિણામ, ગુજરાતી વિષયનું સંદર્ભ સાહિત્ય અને તેનો ઉપયોગ બાબતો સંબંધી જાણકારી મેળવવાનો હતો. Mehta (1998) ના સંશોધનનો મુખ્ય હેતુ ગુજરાતી ભાષા શિક્ષણના હેતુઓ સંદર્ભે ગુજરાતી ભાષા શિક્ષણના અધ્યાપન કાર્ય વખતે શિક્ષકોને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવાનો હતો. પટેલ (1998) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિ અંતર્ગત અંગ્રેજી વિષયની શિક્ષણ પદ્ધતિ, શૈક્ષણિક સાધનો, અંગ્રેજી ભાષાનું પર્યાવરણ તથા અંગ્રેજી વિષયના પરિણામો બાબતો સંબંધી માહિતી પ્રાપ્ત કરવાનો હતો. ગજ્જર (2000) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયની શિક્ષણ પદ્ધતિઓ, અંગ્રેજી વિષયના ઉપકરણો, વ્યાકરણ તેમજ અંગ્રેજી ભાષાનું પર્યાવરણ બાબતો સંબંધી મંતવ્યો મેળવવાનો હતો. શેખ (2000) ના સંશોધનનો મુખ્ય હેતુ સ્નાતક અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષયની પ્રર્વતમાન પરિસ્થિતિ અંતર્ગત હિન્દી વિષયના પાઠ્યપુસ્તકો તથા અધ્યાપન પદ્ધતિઓ સંદર્ભમાં માહિતી મેળવવાની સાથે હિન્દી વિષયની ગુણવત્તા સુધારવા માટેના ઉકેલો દર્શાવવાનો હતો. સુખડીયા (2005) ના સંશધોનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ અંતર્ગત અંગ્રેજી વિષય શિક્ષણની પદ્ધતિઓ તથા શૈક્ષણિક સાધનો સંબંધી માહિતી મેળવવાનો હતો. પટેલ (2007) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયનું વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન, અંગ્રેજીના પાઠયપુસ્તક, શિક્ષણ પદ્ધઓિ, સ્વાધ્યાય કાર્ય તથા શૈક્ષણિક સાધનો બાબતો સંબંધી અંગ્રેજી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવાનો હતો. ટંડેલ (2008) ના સંશોધનનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાનું પર્યાવરણ, સંસ્કૃત ભાષાનું પૂર્વજ્ઞાન, ભાષાંતર, શિક્ષણ પદ્ધતિ તથા શૈક્ષણિક સાધનો બાબતો સંબંધી સંસ્કૃત વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ જાણવાનો હતો. બગડા (2008) ના સંશોધનનો મુખ્ય હેતુ સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની સિદ્ધિ જાણવાનો હતો.

ભારતમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સર્વે સંશોધકોએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. કેવળ Patil (1985) એ પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

ભારતમાં થયેલાં સંશોધનોમાં Vora (1973), Rajgopalan (1975), Valia (1981), Sharma (1986) અને Shastri (1989) એ માહિતી એકત્ર કરવાના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્રકનો, Ghosh (1977) અને શાહ (1991) એ નિદાન કસોટીનો, Bhattacharyaji (1984) એ પ્રશ્નાવલિ અને ક્રમમાપદંડનો, મોદી (1995), ભડિયાદરા (1996), ઠાકોર (1996), પટેલ (1998), ગજ્જર (2000) અને શેખ (2000) એ ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિનો, Mehta (1998), સુખડીયા (2005) અને ટંડેલ (2008) એ અભિપ્રાયાવલિ અને પ્રશ્નાવલિનો, પટેલ (2007) અને બગડા (2008) એ માહિતી એકત્ર કરવાના ઉપકરણ તરીકે અભિપ્રાયાવલિ અને સાક્ષ્યપત્રકનો ઉપયોગ કર્યો હતો. Rajgopalan (1975) એ ઉપકરણ તરીકે દસ્તાવેજી સાહિત્યનો પણ ઉપયોગ કર્યો હતો. Mehta (1998) એ ઉપકરણ તરીકે દસ્તાવેજી સાહિત્યનો પણ ઉપયોગ કર્યો હતો. Patil (1985) એ પ્રાયોગિક સંશોધન કાર્ય દરમિયાન રૂઢિગત, માળખાંગત, પરિવર્તિત સર્જનાત્મક અને પ્રત્યાયન ક્ષમતા પ્રતિમાનનો ઉપયોગ કર્યો હતો.

ભારતમાં થયેલાં પ્રસતુત સંશોધનોમાં સર્વે સંશોધકોએ માહિતી એકત્ર કરવા અર્થે માહિતી એકત્ર કરવાના વિવિધ સ્રોતો જેવા કે રૂબરૂ મુલાકાત, ટપાલ, સંસ્થાના કર્મચારીગણ તથા કેટલાક પ્રતિનિધિઓનો ઉપયોગ કર્યો હતો.

ભારતમાં થયેલાં સંશોધનોમાં સર્વે સંશોધકોએ નમૂના પસંદગીની વિવિધ પદ્ધતિઓ પૈકી યાદૃચ્છિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. કેવળ Mehta (1998) એ ઝૂમખા નમૂના પસંદગી અને પટેલ (1998) એ આનુસંગિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

ભારતમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સંશોધકોએ પ્રાપ્ત થયેલ સંખ્યાત્મક માહિતીના પૃથક્કરણ અર્થે ટકાવારી, સરેરાશ ગુણભાર, દિશાસૂચક આંક, કાઇવર્ગ મૂલ્ય અને t કસોટીનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ગુણાત્મક માહિતીના પૃથક્કરણ અર્થે માહિતીનું સામાન્યીકરણ અને તેનું અર્થઘટન કરવાનો ઉપક્રમ રાખ્યો હતો.

ભારતમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં Vora (1973) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે ભાષાકીય કૌશલ્યના વિકાસ માટે માધ્યમિક કક્ષાનો પાઠ્યક્રમ અસંતોષકારક હતો. Rajgopalan (1975) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે ભાષાંતર પદ્ધતિમાં ખામી અને શિક્ષકપક્ષે વિશેષ જ્ઞાનનો અભાવ હતો. Ghosh (1977) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે અંગ્રેજી વ્યાકરણ સંદર્ભે વિદ્યાર્થીઓની મૂંઝવણ વધુ હતી. Valia (1981) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વધુ પડતી સંખ્યા અધ્યાપનમાં અવરોધરૂપ હતી. Bhattacharyaji (1984) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે અંગ્રેજી વિષયના શિક્ષકોની સેવાકાલીન તાલીમનો સમય અપૂરતો હતો. Patil (1985) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે ગ્રામક્ષેત્ર કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર વિશેષ પ્રભુત્વ ધરાવતા હતા. Sharma (1986) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે મોટા ભાગના અંગ્રેજી વિષયના શિક્ષકો રૂઢિગત અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરતા હતા. Shastri (1989) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે મોટા ભાગના સંસ્કૃત ભાષાના શિક્ષકો પૂર્વ સ્નાતક કક્ષાના હતા. શાહ (1991) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે ઘણા ખરા વિદ્યાર્થીઓ શુદ્ધ ઉચ્ચારણ કરી શકતા ન હતા. મોદી (1995) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે અંગ્રેજી વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન શિક્ષકો મહત્તમ પ્રમાણમાં માતૃભાષાનો આશરો લેતા હતા. ભડિયાદરા (1996) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું પૂર્વજ્ઞાન નબળું હતું. ઠાકોર (1996) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે પાઠ્યપુસ્તકોની રચના વખતે વિદ્યાર્થીઓના માનસિક સ્તરને ધ્યાનમાં લેવાતું હતું. Mehta (1998) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે મોટા ભાગના શિક્ષકો પૂર્વજ્ઞાન સંબંધિત પ્રશ્નો પૂછીને ચર્ચા કરતા હતા. પટેલ (1998) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયનો પાયો નબળો હતો. ગજ્જર (2000) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે અંગ્રેજી વિષયની અધ્યાપન પદ્ધતિમાં વૈવિધ્ય

હતું. શેખ (2000) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ અધ્યાપકો મુખ્યત્વે કથન પદ્ધતિનો જ ઉપયોગ કરતા હતા. સુખડીયા (2005) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે અંગ્રેજી વિષયના અધ્યાપન દરમિયાન શૈક્ષણિક ઉપકરણનો ઉપયોગ નહિવત્ થતો હતો. પટેલ (2007) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે અંગ્રેજીના શિકણમાં વૈવિધ્યસભર શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થતો હતો. ટંડેલ (2008) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં લઇ કરવામાં આવતું ન હતું. બગડા (2008) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે સંસ્કૃત વિષય શિક્ષણથી વિદ્યાર્થીઓનું શબ્દ ભંડોળ વધે છે.

### 3.2.2 વિદેશમાં થયેલાં સંશોધનો

**(1) સેન્ટ (1982)[22]** એ **'થાઈલેન્ડ અને બેંગકોકના શિક્ષકોના અંગ્રેજી વિષયના અધ્યાપન અંગેના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ'** શીર્ષક હેઠળ ટેકસેસન યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજી વિષયના અધ્યાપન દરમિયાન શિક્ષકો કેવા પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તે જાણવું.

(2) થાઈલેન્ડ અને બેંગકોકના શિક્ષકોની શૈક્ષણિક પદ્ધતિ અને જ્ઞાનમાં કોઇ પ્રકારનો તફાવત છે કે નહિં તે તપાસવું.

પ્રસ્તુત સર્વેક્ષણ પ્રકારના અભ્યાસ માટે પૂર્વેક્ષણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે માટે ત્રિબિંદુ પ્રકારની અભિપ્રાયાવલિની રચના કરી અમેરિકાના 20 જેટલા શિક્ષકોને આપવામાં આવી હતી. અંતે સુધારા-વધારા કરી અંતિમ પ્રકારની અભિપ્રાયાવલિની રચના કરી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધનમાં નમૂના તરીકે પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ કક્ષાના કુલ 116 શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) અંગ્રેજી વિષયના અધ્યાપન દરમિયાન શિક્ષકો પ્રોજેક્ટ, સેમિનાર, જૂથ ચર્ચા વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરતા હતા.

(2) થાઈલેન્ડ અને બેંગકોકના શિક્ષકોની શૈક્ષણિક પદ્ધતિ અને જ્ઞાનમાં તફાવત જણાયો હતો.

(2) **Tielt (1984)[23] એ 'The Role of Motivation and Language Use for Learning English as a Second Language'** વિષય પર એક સંશોધનકાર્ય પીએચ.ડી. કક્ષાએ હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) બીજી ભાષા તરીકે અંગ્રેજી ભાષા શીખતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા માટે અભિપ્રેરણાની આવશ્યકતા તપાસવી.

અધ્યેતાએ અભ્યાસ અર્થે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવી હતી. ત્યાર બાદ નાના નમૂના પર પ્રાયોગિક સંશોધન પણ હાથ ધર્યું હતું. અધ્યેતાએ નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવા અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત સંશોધનનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) બીજી ભાષા તરીકે અંગ્રેજી ભાષા શીખનાર વિદ્યાર્થીઓને પ્રેરણા આપવાથી તેઓ ખૂબ જ સારી રીતે શીખી શકતા હતા.

(2) બીજી ભાષા તરીકે અંગ્રેજી ભાષા શીખવા માટે પુનઃકસોટી લઇને પરિણામો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી શકાયા હતા.

(3) અંગ્રેજી ભાષા શીખવા માટે વિદ્યાર્થીઓને વધુ કૌશલ્યો બતાવવાથી કાર્યક્ષમતામાં વધારો થતો જોવા મળ્યો હતો.

(3) **Dicken (1988)[24]** એ **'Teaching Methods and Effectiveness of English Teachers in Indonesia'** એ શીર્ષક હેઠળ પીએચ.ડી. ની પદવી માટે અભ્યાસ હાથ ધર્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) અંગ્રેજીનું અધ્યાપન કરતા શિક્ષકોની અધ્યાપન પદ્ધતિ અને તેની અસરકારકતા તપાસવી.

(2) અધ્યાપનકાર્ય દરમિયાન શિક્ષકો દ્વારા અપનાવાતી વિવિધ શિક્ષણ પદ્ધતિઓની અનુરૂપતા તપાસવી.

(3) વિદ્યાર્થીઓના અધ્યયન પર શિક્ષકોની અધ્યાપન પદ્ધતિઓની અસર તપાસવી.

પ્રસ્તુત અભ્યાસ માટે ઇન્ડોનેશીયાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદ્રચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી. સર્વેક્ષણ પ્રકારના આ અભ્યાસમાં માહિતીનાં અકત્રીકરણ માટે અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) શિક્ષકો વિષયાંગને અનુરૂપ પદ્ધતિ અપનાવી અધ્યાપન કાર્ય કરતા હતા.

(2) વિદ્યાર્થીઓને વિવિધ અધ્યાપન પદ્ધતિઓ દ્વારા થતા શિક્ષણ કાર્યમાં રસ પડતો હતો.

(3) વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયનું અધ્યયન કરવું ગમતું હતું.

**(4) Irma - Kaarina (2002)[25]** એ **'Teachers and Students Interacting Around the Textbook : An Exploratory Study of Children Developing Academic Second Language Literacy in Primary Schools English Language Classes in Lebanon'** વિષય પર પીએચ.ડી. કક્ષાએ લૂઇસ્ટર યુનિવર્સિટીમાં સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓની પાઠ્યપુસ્તકની બાબતમાં આંતરક્રિયા તપાસવાનો હતો.

લેબનોનના પ્રાથમિક વિદ્યાલયોમાં દ્વિતીય ભાષાના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસ અર્થે છઠ્ઠા ધોરણના પાંચ વર્ગોમાં સમાવિષ્ટ 163 વિદ્યાર્થીઓની પસંદગી હાથ ધરી હતી. અધ્યેતાએ પાઠ્યપુસ્તકનું રૂઢિગત અધ્યાપન કાર્ય કર્યું હતું. અધ્યાપન કાર્ય ત્રણ વર્ગોમાં કર્યું હતું. ત્રણેય વર્ગોમાં માર્ગદર્શક દિશા સૂચનો દ્વારા અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. અધ્યેતાએ વિશેષતઃ બાળકોને વકતવ્ય આપવા માટે પણ દિશા સૂચનો કર્યા હતા. 25 મિનીટના તાસોમાં અધ્યેતાએ દરેક વર્ગમાં વિડીયો ટેપનો પણ ઉપયોગ કર્યો હતો.

માહિતીના પૃથક્કરણ માટે અધ્યેતાએ ગુણાત્મક અને સંખ્યાત્મક એવા બંને પ્રકારના અભિગમોનો વિનિયોગ કર્યો હતો અને તેની સાથે તુલનાત્મક અભ્યાસ પણ હાથ ધર્યો હતો. અધ્યેતાએ 1158 શિક્ષકો અને 544 વિદ્યાર્થીઓને પણ અભ્યાસમાં સમાવિષ્ટ કરી પ્રાપ્ત માહિતીની આવૃત્તિ એકત્ર કરી હતી. એકત્ર કરેલ માહિતીનું અધ્યેતાએ કાઇવર્ગ કસોટીનો ઉપયોગ કરી એને આધારે પૃથક્કરણ કર્યું હતું. અધ્યેતાએ પ્રમાણિત કરેલી કસોટીઓના આધારે પ્રાપ્ત થયેલી માહિતીનું પણ પૃથક્કરણ કર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) જે જૂથ પર પ્રયોગો અજમાવવામાં આવ્યા હતા એ જૂથનાં પરિણામો એકંદરે હકારાત્મક આવ્યા હતા.

(2) વિશેષતઃ વિદ્યાર્થીઓ પ્રત્યાયન સારી રીતે કરતા થઇ શક્યા હતા.

(3) વિષય વસ્તુને વિદ્યાર્થીઓ માર્ગદર્શન દિશા સૂચનોથી વિશેષ પ્રમાણમાં સમજી શક્યા હતા અને સારગ્રહણ વાચન પણ વધારે સમૃદ્ધ જોવા મળ્યું હતું.

**(5) Chan (2002)[26]** એ **'English Teachers Opinions about English Teaching in the Elementory Schools of Taiwan'** શીર્ષક હેઠળ ટેક્સેસન યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) તાઇવાન શિક્ષણ મંત્રાલયે દાખલ કરેલ નવીન કાર્યપ્રણાલીના સંદર્ભમાં ધોરણ-5 અને 6 માં અંગ્રેજી વિષયનું અધ્યાપન કરાવતા પ્રાથમિક શિક્ષકોના મહાવરા અને અંગ્રેજી શિક્ષણ અંગેની માન્યતાઓનો અભ્યાસ કરવો.

અધ્યેતાએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરીને તાઇવાન 150 પ્રાથમિક શિક્ષકો પાસેથી યાદૃચ્છિક રીતે માહિતી એકત્રિત કરી હતી. આ માટે લિકર્ટ પ્રકારના માપદંડની રચના કરવામાં આવી હતી. શરૂઆતથી જ નક્કી કરવામાં આવેલ સાત લક્ષણો જેવા કે શિક્ષકોની લાયકાત, તાલીમ શૈક્ષણિક સામગ્રી, અધ્યાપન પદ્ધતિ, મૂલ્યાંકન અને મહાવરો, અભ્યાસક્રમ, ભાવાવરણ અને સંસ્કૃતિના સંદર્ભમાં પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી શિક્ષણની બાબતમાં શિક્ષકો પોતાની જાતને સમર્થ માનતા હતા.

(2) શિક્ષકો પોતાની ક્ષમતાઓ અનુસાર વિવિધ પદ્ધતિઓ અને પ્રવિધિઓનો ઉપયોગ કરીને અધ્યાપન કાર્ય કરાવતા હતા.

(3) શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિઓનો ઉપયોગ થતો હતો.

**(6) Katsuinala (2003)[27] એ 'Recontextutlizing English as a Foreian Language Instruction. The Case of English Instruction in Japan'** એ શીર્ષક હેઠળ કલેરમોન્ટ ગ્રેજ્યુએટ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. ની પદવી માટે સંશોધન હાથ ધર્યું હતું.

**પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.**

(1) વિદેશી ભાષા તરીકે અંગ્રેજી અધ્યયનમાંથી જાપાની વિદ્યાર્થીઓ મૂળ વકતાઓ સાથે પ્રત્યાયન માટે શું પ્રાપ્ત કરે છે તે જાણવું.

(2) વિદ્યાર્થીઓ મૂળ વકતાઓ સાથે અસરકારક રીતે પ્રત્યાપન કરી શકવા માટે સમર્થ થઇ શકે તે માટે વિદેશી ભાષા તરીકે અંગ્રેજીના શિક્ષણમાં સુધારણા અંગેની માહિતી પ્રાપ્ત કરવી.

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ નમૂના તરીકે 125 પાત્રોની પસંદગી કરી હતી. સર્વેક્ષણ પ્રકારના પ્રસ્તુત સંશોધનમાં અધ્યેતાએ ગુણાત્મક પદ્ધતિ તેમજ સંખ્યાત્મક પદ્ધતિથી પ્રાપ્ત પરિણામોની વધુ સ્પષ્ટતા માટે નિયંત્રિત મુલાકાતનો ઉપયોગ કર્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) જાપાની વિદ્યાર્થીઓને ભાષા, પ્રાત્યાયન અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ શીખવવાની જરૂર જણાઇ હતી.

(2) જાપાનમાં વિદેશી ભાષા તરીકે અંગ્રેજી શિક્ષણના વર્ગોમાં સાંસ્કૃતિક શિક્ષણની આવશ્યકતા જણાઇ હતી.

**(7) Ay - Shiou (2004)[28]** એ **'Taiwanese EFL Teachers Beliefs about Reading and Language Teaching'** વિષય પર પીએચ.ડી. કક્ષાએ ટેક્સાસ વિમેન્સ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધન કાર્યનો હેતુ તાઇવાની શિક્ષકોની વાચન વિશે અને ભાષાકીય અધ્યાપન સંદર્ભમાં માન્યતાઓનો અભ્યાસ હાથ ધરવાનો હતો.

સામાન્યતઃ વાચન અને અધ્યાપનની અસર સાહિત્ય દ્વારા વિકાસ પામી હોય છે. તાઇવાની અંગ્રેજી શિક્ષકો પર અધ્યેતાએ વાચન અને ભાષાકીય અધ્યાપનની અસરકારકતા અંગે માન્યતાઓનો અભ્યાસ હાથ ધરવાનો ઉપક્રમ રાખ્યો હતો. ગુણાત્મક પ્રકારના આ સંશોધન કાર્યમાં વિશેષતઃ પ્રાથમિક વિદ્યાલયોના શિક્ષકો અને તેઓના વાચન ઉપરાંત વિદેશી ભાષાના અધ્યાપન સંદર્ભમાં તાઇવાનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

અધ્યેતાએ કુલ 451 અંગ્રેજી શિક્ષકો પૈકી 271 શિક્ષકો પર અભ્યાસ હાથ ધર્યો હતો અને તાઇવાન અંગ્રેજી શિક્ષકો પાસેથી વિડીયો ટેપ દ્વારા માહિતી એકત્ર કરી હતી. પ્રાપ્ત થયેલ અંકશાસ્ત્રીય માહિતીના પૃથક્કરણ માટે અધ્યેતાએ ટી-ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો. ઉપરાંત ગુણાત્મક માહિતીના પૃથક્કરણ કરવા અર્થે અધ્યેતાએ પ્રાપ્ત માહિતીનું સામાન્યીકરણ કરવાનો ઉપક્રમ પણ રાખ્યો હતો.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) તાઇવાનના અંગ્રેજી શિક્ષકોના અધ્યાપન કૌશલ્યોમાં વૃદ્ધિ જોવા મળી હતી.

(2) વિશેષ અધ્યાપન કાર્યથી અને વિશેષ વાચન દ્વારા શિક્ષકો અભિપ્રેરિત પણ થયા હતા અને વિદેશી અંગ્રેજી શિક્ષણના અધ્યાપન સંદર્ભમાં વિશેષ ગુણવત્તા ધરાવતા જોવા મળ્યા હતા.

(3) શિક્ષકોએ અનેકવિધ સાહિત્યના અધ્યયનની સાથે સાથે વૈચારિક ગોઠવણી ઉપરાંત વિવિધ પ્રકારની સાહિત્ય સામગ્રીને સમૃદ્ધ બનાવવા અંગે સમર્થન પણ આપ્યું હતું.

**(8) Guadalupe (2006)[29]** એ **'A Study to Teachers Effectiveness in the Teaching of Literacy to Middle Schools English Language Lerners Using the Language Enrichment II Program'** વિષય પર પીએચ.ડી. કક્ષાએ ટેક્સાસની ઓસ્ટિન યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસનો પ્રમુખ હેતુ અંગ્રેજી શીખવા માટેના કાર્યક્રમની અસરકારકતા તપાસવાનો હતો.

અંગ્રેજી દ્વિતીય ભાષાના 10 શિક્ષકો અને 112 વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. સર્વેક્ષણ પ્રકારના પ્રસ્તુત અભ્યાસમાં અધ્યેતાએ અંગ્રેજી શીખવવા માટેનો જે કાર્યક્રમ તૈયાર કર્યો હતો. તે કાર્યક્રમ કેટલી અસરકારકતા ધરાવે છે, તેની અજમાયશ પછી કુલ 112 ઉત્તરદાતાઓ પાસેથી અભિપ્રાયાવલિ ઉપકરણ દ્વારા અભિપ્રાયો પ્રાપ્ત કર્યા હતા. વિશેષતઃ કાર્યક્રમની ભૂમિકા, કાર્યક્રમ પ્રત્યેના વલણો, કાર્યક્રમ અંગેના અભિપ્રાયો અને માન્યતા સંદર્ભમાં અધ્યેતાએ અભિપ્રાયો પ્રાપ્ત કર્યા હતા.

**પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં.**

(1) કાર્યક્રમ વધુ અસરકારક સાબિત થયો હતો.

(2) શિક્ષકો અધ્યાપન માટે હકારાત્મક વલણ ધરાવતાં થયા હતા.

(3) સ્વતંત્ર ચલોના ચોક્કસ પ્રકારના કાર્યક્રમનાં લક્ષણોના સંદર્ભમાં શૂન્ય ઉત્કલ્પના અસ્વીકૃત બનવા પામી હતી. જેથી સિદ્ધ થઇ શક્યું હતું કે કાર્યક્રમ વિશેષ અસરકારક સાબિત થયો હતો.

## ❋ વિદેશમાં થયેલાં સંશોધનોની સમીક્ષા

પ્રસ્તુત પ્રકરણમાં ઉપરોક્ત પરિચ્છેદોમાં ઇ.સ. 1982 થી ઇ.સ. 2006 સુધીના સમયગાળા દરમિયાનના પીએચ.ડી કક્ષાએ વિદેશમાં થયેલાં કુલ 8 સંશોધનોના સારાંશો રજૂ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં સેન્ટ (1982) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી વિષયના શિક્ષકોની શિક્ષણ પદ્ધતિઓ અને જ્ઞાનમાં કોઇ પ્રકારનો તફાવત છે કે નહીં તે તપાસવાનો હતો. Tilet (1984) ના સંશોધનનો મુખ્ય હેતુ બીજી ભાષા તરીકે અંગ્રેજી ભાષા શીખતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા માટે અભિપ્રેરણાની આવશ્યકતા તપાસવાનો હતો. ડીકન (1988) ના સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકોની અધ્યાપન પદ્ધતિની અસરકારકતા, શિક્ષણ પદ્ધતિઓની અનુરૂપતા અને વિદ્યાર્થીઓના અધ્યયન પર થતી અસરકારતા તપાસવાનો હતો. Irma - Kaarina (2002) ના સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓની પાઠ્યપુસ્તકની બાબતમાં આંતરક્રિયા તપાસવાનો હતો. Chan (2002) ના સંશોધનનો મુખ્ય હેતુ તાઇવાન શિક્ષણ મંત્રાલયે દાખલ કરેલ નવીન કાર્યપ્રણાલીના સંદર્ભમાં ધોરણ 5 અને 6 માં અંગ્રેજી વિષયનું અધ્યાપન

કરાવતા પ્રાથમિક શિક્ષકોના મહાવરા અને અંગ્રેજી શિક્ષણ અંગેની માન્યતાઓનો અભ્યાસ કરવાનો હતો. Katsuinala (2003) ના સંશોધનનો મુખ્ય હેતુ વિદેશી ભાષા તરીકે અંગ્રેજી અધ્યયનમાંથી જાપાની વિદ્યાર્થીઓ મૂળ વક્તાઓ સાથે પ્રત્યાયન માટે શું પ્રાપ્ત કરે તે જાણવાનો હતો. Ay - Shiou (2004) ના સંશોધનનો મુખ્ય હેતુ તાઇવાની શિક્ષકોની વાચન વિશે અને ભાષાકીય અધ્યાપન સંદર્ભમાં માન્યતાઓનો અભ્યાસ હાથ ધરવાનો હતો. Guadalupe (2006) ના સંશોધનનો મુખ્ય હેતુ અંગ્રેજી શીખવા માટેના કાર્યક્રમની અસરકારતા તપાસવાનો હતો.

વિદેશમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સર્વે સંશોધકોએ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. કેવળ Irma - Kaarina (2002) અને Ay - Shiou (2004) એ પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

વિદેશમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સેન્ટ (1982), Tielt (1984), Diken (1988) અને Guadalupe (2006) એ માહિતી એકત્ર કરવાના ઉપકરણ અર્થે અભિપ્રાયાવલિનો, Chan (2002) એ ઉપકરણ તરીકે લિકર્ટ માપદંડનો, Katsuinala (2003) એ ઉપકરણ તરીકે નિયંત્રિત મુલાકાતનો ઉપયોગ કર્યો હતો. Irma - Kaarina (2002) અને Ay - Shiou (2004) એ પ્રાયોગિક સંશોધન કાર્ય દરમિયાન વિડીયો ટેપનો ઉપયોગ કર્યો હતો.

વિદશેમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સર્વે સંશોધકોએ માહિતી એકત્ર કરવાના વિવિધ સ્ત્રોતો જેવા કે રૂબરૂ મુલાકાત, ટપાલ, સંસ્થાના કર્મચારીગણ તથા કેટલાક પ્રતિનિધિઓનો ઉપયોગ કર્યો હતો.

વિદેશમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સર્વે સંશોધકોએ નમૂના પસંદગીની વિવિધ પદ્ધતિઓ પૈકી યાદૃચ્છિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

વિદેશમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સંશોધકોએ પ્રાપ્ત થયેલ સંખ્યાત્મક માહિતીના પૃથક્કરણ અર્થે ટકાવારી, કાઇવર્ગ મૂલ્ય અને t કસોટીનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ગુણાત્મક માહિતીના પૃથક્કરણ અર્થે માહિતીનું સામાન્યીકરણ કરીને તેનું અર્થઘટન કરવાનો ઉપક્રમ રાખ્યો હતો.

વિદેશમાં થયેલાં પ્રસ્તુત સંશોધનોમાં સેન્ટ (1982) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે અંગ્રેજી વિષયના અધ્યાપન દરમિયાન શિક્ષકો પ્રોજેક્ટ, સેમિનાર, જૂથ ચર્ચા જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરતા હતા. Tielt (1984) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે બીજી ભાષા તરીકે અંગ્રેજી શીખનાર વિદ્યાર્થીઓને પ્રેરણા આપવાથી તેઓ ખૂબ સારી રીતે શીખી શકતા હતા. Diken (1988) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે શિક્ષકો વિષયાંગને અનુરૂપ પદ્ધતિ અપનાવી અધ્યાપન કાર્ય કરતા હતા. Irma - Kaarina (2002) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે જે જૂથ પર પ્રયોગો અજમાવવામાં આવ્યા એ જૂથનાં પરિણામો હકારાત્મક આવ્યા હતા. Chan (2002) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જણાયું હતું કે પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી શિક્ષણની બાબતમા શિક્ષકો પોતાની જાતને સમર્થ માનતા હતા. Katsuinala (2003) ના સંશોધનનું મુખ્ય તારણ એવું જાણવા મળ્યું હતું કે જાપાની વિદ્યાર્થીઓને ભાષા, પ્રત્યાયન અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ શીખવવાની જરૂર જણાઇ હતી. Ay - Shiou (2004) ના સંશોધનનું મુખ્ય તારણ એવું સ્પષ્ટ થયું હતું કે તાઇવાનના અંગ્રેજી વિષયના શિક્ષકોના અધ્યાપન કૌશલ્યોમાં વૃદ્ધિ જોવા મળી હતી. Guadalupe (2006) ના સંશોધનનું મુખ્ય તારણ એવું માલૂમ પડ્યું હતું કે શિક્ષકો અધ્યાપન માટે હકારાત્મક વલણ ધરાવતાં હતાં.

## 3.3 પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતાઓ

પ્રસ્તુત સંશોધન પૂર્વે થયેલાં સંશોધનોના પરિપ્રેક્ષ્યમાં નીચેની બાબતોમાં વિશિષ્ટતાઓ ધરાવે છે.

પૂર્વે ભારતમાં થયેલાં સંશોધનો મુખ્યત્વે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક - અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સ્વરૂપના હતા. પૂર્વે વિદેશમાં થયેલાં સંશોધનો શિક્ષકોની અધ્યાપન પદ્ધતિ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની પાઠ્યપુસ્તકોની બાબતમાં આંતરક્રિયા, વાચન અને ભાષાકીય

અધ્યાપનની અસરકારતા, અંગ્રેજી શીખવા માટેનાં કાર્યક્રમોની અસરકારકતાની તપાસ સ્વરૂપના હતા. જ્યારે પ્રસ્તુત સંશોધન સંશોધકે દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ અંતર્ગત પ્રવર્તમાન સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ તથા ફલશ્રુતિ, સંસ્કૃત વિષયની અધ્યાપન પદ્ધતિઓ, સંસ્કૃત વિષય શિક્ષણનાં સાધનોની ઉપલબ્ધિ તથા ઉપયોગ, સંસ્કૃત વિષયનું ગૃહકાર્ય, સંસ્કૃત વિષય સંલગ્ન સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સંસ્કૃત વિષયનું મૂલ્યાંકન તથા પરિણામો વગેરે જેવી બાબતોનો અભ્યાસ કરવા અર્થે હાથ ધર્યું છે. અહીં નોંધનીય બાબત એ છે કે પ્રસ્તુત સંશોધન દ્વારા સંશોધકે દક્ષિણ ગુજરાતનાં (જિલ્લા તથા તાલુકા પ્રમાણે) 50% માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધર્યો હતો. આ દષ્ટિએ આ સંશોધન પૂર્વે થયેલાં સંશોધનથી વિશિષ્ટ છે એમ કહી શકાય.

પૂર્વે થયેલાં તમામ સંશોધનમાં વ્યાપવિશ્વમાંથી વિવિધ પદ્ધતિએ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. જ્યારે પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોના વ્યાપવિશ્વમાંથી દક્ષિણ ગુજરાતનાં (જિલ્લા તથા તાલુકા પ્રમાણે) 50% માધ્યમિક વિદ્યાલયોનો નમૂનો યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કરવા માધ્યમિક વિદ્યાલયોના ધોરણ દીઠ એક-એક વર્ગોની પસંદગી પણ યાદૃચ્છિક નૂમના પસંદગીની રીત દ્વારા કરવામાં આવી હતી. તેમજ ધોરણ-8, 9 અને 10 ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના રચયિતાઓ અને તજ્જ્ઞોની પસંદગી પણ યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતથી કરી હતી. આમ નમૂનાની દષ્ટિએ પણ આ સંશોધન વિશિષ્ટ છે.

પૂર્વે થયેલાં તમામ સંશોધનોમાં અભિપ્રાયાવલિ, પ્રશ્નાવલિ, સાક્ષ્યપત્રક, નિદાન કસોટી વગેરે ઉપકરણોનો ઉપયોગ થયો હતો. જ્યારે પ્રસ્તુત સંશોધનોમાં અભિપ્રાયાવલિ, પ્રશ્નાવલિ, સાક્ષ્યપત્રક ઉપકરણોના ઉપયોગ સાથે સંશોધકે દસ્તાવેજી સાહિત્યને આધારે માધ્યમિક વિદ્યાલયોના ધોરણ-10 ના છેલ્લાં દશ વર્ષોના શાળાઓના સમગ્ર અને સંસ્કૃત વિષયનાં પરિણામો પ્રાપ્ત કર્યા હતા. આમ, આ દષ્ટિએ પણ પ્રસ્તુત સંશોધન વિશિષ્ટ છે.

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વે થયેલાં સંશોધનોની જેમ માહિતીના પૃથક્કરણ માટે કાઈવર્ગ મૂલ્ય, ટકાવારી, સરેરાશ ગુણભારના આધારે વિધાનોનો અગ્રતાક્રમ નક્કી કરવાની સાથે અભિપ્રાયાવલિની સામાન્ય માહિતી તથા મુક્ત જવાબી પ્રશ્નોની માહિતી તેમજ દસ્તાવેજી સાહિત્યને આધારે પ્રાપ્ત પરિણામોનું સંખ્યાત્મક તથા ગુણાત્મક પૃથક્કરણ અને અર્થઘટન પણ કરવામાં આવ્યું હતું. આ દષ્ટિએ પણ પ્રસ્તુત સંશોધન વિશિષ્ટ રહ્યું છે.

પ્રસ્તુત સંશોધન હેઠળ દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં સંશોધકે મોટે ભાગના તમામ પાસાંને આવરી લેવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે પીએચ.ડી. કક્ષાએ થયેલ સર્વ પ્રથમ પ્રયાસ છે, તેમ સંશોધક નમ્ર પણે માને છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે હાથ ધરેલાં સંશોધન સાથે સંબંધિત પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા કરી પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતાઓ પર પ્રકાશ પાડવાનો ઉપક્રમ રાખ્યો હતો. હવે પછીના ચોથા પ્રકરણમાં સંશોધનની આધારશિલા અને યોજના અંતર્ગત વિષયનો ઉદ્‌ગમ, સંશોધન પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂના પસંદગીની રીત, ઉપકરણોની સંરચના, માહિતી એકત્રીકરણ તથા પૃથક્કરણની રીત વગેરે મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા હાથ ધરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

# –: સાહિત્ય નિર્દેશ :–


(1) એચ. જી. દેસાઇ અને કે. જી. દેસાઇ, (1997). ***સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ.*** (છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. પૃ.206.

(2) I .A. Vora, (1973). ***Critical Study of the Present Position of Teaching English in Secondary School of Gujarat State.*** Buch M. B., Second Survey of Research in Education. Baroda : M.S. University. P. 362.

(3) S. Rajgopalan, (1975). ***A Study of the Curricucam of English Subject in the Primary and Education of Madras state.*** Buch M. B., Second Survey of Research in Education. Baroda : M.S. University P.443.

(4) A. Ghosh, (1977). ***A Study of Back Wardness in English in the Secondary Schools of West Bengal.*** Buch M. B., Second Survey of Research in Education. Baroda : M.S. University. P. 293.

(5) Valia, (1981). ***An Evaluative Study of English at the Secondary Level in Rajasthan.*** Fourth Survey of Research in Education, New Delhi, National Counsil of Educational Research and Training, Shree Aravindo Marg. P. 672.

(6) Bhattacharyaji, (1984). ***An Investigation into the Teaching of English in the Highschool of East Khasi Hills District of Meghalaya.*** Fourth Survey of Research in Education, New Delhi, National Counsil of Educational Research and Training, Shree Aravindo Marg. P. 226.

(7) Patil, (1985). ***The English Language Achievement of Shivaji University.*** Fourth Survey of Research in Education, New Delhi, National Counsil of Educational Research and Training, Shree Aravindo Marg. P. 651.

(8) R. K. Sharma, (1986). ***A Study of the Problems of Teaching English in Bihar.*** In M. B. Buch. Fourth Survey of Research in Education. (1983-88). New. Delhi : NCERT, Shree Aravindo Marg. P. 661.

(9) V. D. Shastri, (1989). ***A Study of the Existing Position of Teaching of Sanskrit Language.*** In M. B. Buch. Fifth Survey of Educational Research (1988-92). New. Delhi : NCERT, Shree Aravindo Marg. P. 782.

(10) વી. ડી. શાહ, (1991). ***સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(11) ભાવના એ. મોદી, (1995). ***માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષયની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(12) એસ. જી. ભડિયાદરા, (1996). ***વાલોડ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યપનમાં નડતી સમસ્યાઓનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત.

(13) ડી. કે. ઠાકોર, (1996). ***દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(14) Mehta, (1998). **An Exploratory Study of Gujarati Language Teaching in Upper Primary Schools of Baroda City.** Sixth Survey of Educational Research from Http://Edu.Research. DAUNIV.AC. in.

(15) જે. યુ. પટેલ, (1998). ***ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(16) વી. એ. ગજ્જર, (2000). ***વલસાડ અને નવસારી જિલ્લાઓની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(17) એમ. એ. શેખ, (2000). ***દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ હિન્દી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિનો એક અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(18) એન. સુખડીયા, (2005). ***નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(19) કલ્પેશ પટેલ, (2007). ***મહુવા તાલુકાના માધ્યમિક શિક્ષણમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(20) એ. ડી. ટંડેલ, (2008). ***નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(21) જી. એમ. બગડા, (2008). ***સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

(22) સેન્ટ, (1982). એ ***થાઈલેન્ડ અને બેંગકોકના શિક્ષકોના અંગ્રેજી વિષયના અધ્યાપન અંગેના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ.*** Cited in : International Dissertation Abstract USA UMI Company. VOI-45. NO. 12, p.3217-A.

(23) Tielt, (1984). એ ***The Role of Motivation and Language Use for Learning English as a Second Language.*** In Dissertation Abstract International. The Humanities and Social Science. University Microfilms International VoI-45. No. 12, Part II p.3217-A.

(24) Dicken, (1988). ***Teching Methods and Effectiveness of English Teachers in Indonesia.*** In Dissertation Abstracts International, VoI-47. No. 12, p.396-397-A.

(25) Irma-Kaarina, Ghosn, (2002). ***Teachers and Students Interacting Around the Textbook : An Exploratory Study of Children Developing Acasemic Second Language Literacy in Primary School English Language Classes in Lebanon.*** In Dissertation Abstracts International, VoI-63. No. 4, October, 2002. p.1232-A.

(26) A. Chan, (2002). ***English Teachers Opinions about English Teaching in the Elementory Schools of Taiwan.*** In Dissertation Abstracts International, VoI-63. No. 4, October, 2002. p.1191-A.

(27) Katsuinala, (2003). એ ***Recontextutlizing English as a Foreign Language Instruction The Case of English Instruction in Japan.*** In Dissertation Abstract International. The Humanities and Social Science. University Microfilms International VoI-64. No. 5, p.3170-A.

(28) Ay-shion, chiou, (2004). ***Taiwaness EFL Teachers Beliefs about Reading and Language Teaching.*** Texas Woman's University. In Dissertation Abstracts International. VoI-65. No. 12, June, 2007. p.4510-A.

(29) Guadalupe, Gonzalez, (2006). ***A Study of Teacher Effectiveness in the Teaching of Literacy to Middle Schools English Language Leaners Using the Language Enrichment II Program.*** In Dissertation Abstracts International. VoI-67. No. 7, January, 2007. p.2445-A.